**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૨ ટકા



ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પર વસ્ત્રાલમાં જાહેર મંચ ઉપર થયેલા હુમલાને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસે વખોડી કાઢયો હતો. આ મામલે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### શહેરીજનોમાં રમત-ગમત ક્ષેત્રે જાગૃતિ માટે
# આવતીકાલથી રામકથા મેદાનમાં મેગા સ્પોર્ટ્સ કાર્નિવલ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

૩૬માં રાષ્ટ્રીય રમતોત્સવની ઉજવણી ગુજરાતમાં થવા જઈ રહી છે. માત્ર ૩ મહિનાના ટૂંકા સમયગાળામાં ગુજરાત સરકાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ ગેમ્સ પહેલા નગરજનોમાં સ્પોર્ટ્સ પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ વધે તેવા શુભાશયથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૫ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર સુધી રામકથા મેદાન સેક્ટર ૧૧ ખાતે સ્પોર્ટસ કાર્નિવલની ઉજવણી કરવામાં આવશે. સ્પોર્ટસ કાર્નિવલની શરૂઆત ચૌધરી સ્કૂલથી મશાલ રેલીથી કરવામાં આવશે. આ રેલી સવારે ૮.૩૦ વાગ્યેથી પ્રસ્થાન કરીને સવારે ૯.૦૦ કલાકે રામકથા મેદાન ખાતે પહોંચશે જ્યા વિધિવત રીતે સ્પોર્ટ્સ કાર્નિવલનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ઉદ્ઘાટન બાદ મેદાનમાં હાજર તમામ રમતપ્રેમીઓને મ્યુઝિક સાથે ઝુમ્બા કરાવીને વોર્મઅપ કરાવવામાં આવશે ત્યારબાદ વિવિધ સ્પોર્ટ્સ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવશે. સ્પોર્ટ્સ કાર્નિવલમાં ત્રણ દિવસમાં અંદાજે ૨૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ, નગરજનો, વસાહત મંડળના સભ્યો તેમજ રમતવીરો હાજરી આપશે. કાર્નિવલમાં કબડ્ડી, વોલિબોલ, હેન્ડબોલ, ગોળા ફેંક, ચક્ર ફેંક, ભાલા ફેંક, દોડ, કુદ, ફેંસિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્થાનિક રમતોને પ્રોત્સાહન આપવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ તારીખે શરૂ થનાર સ્પોર્ટસ્ કાર્નિવલનું સમાપન ૧૭ તારીખે બપોરે ૧૧ કલાકે થશે ત્યારબાદ નેશનલ ગેમ્સના મેસ્કોટ સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પોર્ટસ્ કાર્નિવલમાં વધુમાં વધુ નગરજનો મુલાકાત લે તેવી મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

## પ્રતાપસિંહજી હીન્દી વિદ્યાલય ખાતે હિન્દી દિવસની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

પ્રતાપસિંહજી હીન્દી વિદ્યાલય ખાતે તા.૧૪ સપ્ટેમ્બરે રાષ્ટ્રભાષા હીન્દી દીવસ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિને બહાર લાવી વ્યક્તિત્વ વિકાસ માટે આંતરિક બળ વધારવા માટે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સમારોહના અધ્યક્ષસ્થાને નિતેશકુમાર જૈન શાખા પ્રબંધક બેન્ક ઓફ મહારાષ્ટ્ર તેમજ હરીપ્રસાદ પંડ્યા સે-૨૧ શાખા, શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ અને શોભનાબા વાઘેલા ખાસ ઉપસ્થિત રહયા હતા. અર્જુન આશ્રમ ઈગ્લીસ મીડીયમ સ્કુલના આચાર્યા રીશીકુમાર તેમજ શિક્ષિકા ઉર્મિલા ચૌહાણ નિબંધ પ્રતિયોગીતા, ચિત્ર સ્પર્ધા રવિલાલ યાદવ વકતૃત્વ સ્પર્ધા, મોતીસિંહ સુરાવત તેમજ મહેંદી સ્પર્ધા શબનમખાન દ્વારા તૈયાર કરાવવામાં આવી હતી. નિતેશકુમાર જૈનએ હીન્દી દિવસના ઉપલક્ષમાં દેશમાં હીન્દી ભાષાના પ્રચાર પ્રસાર માટે તન મન અને હકારાત્મક વિચારોથી કાર્યાન્વિત થવા અને કાર્યથી સફળતા પ્રાપ્તિની વિધિ જણાવી હતી. ઓર્ડીનરીમાંથી એકસ્ટ્રા ઓર્ડીનરી બનવાની વાત કરી હતી. પ્રતાપસિંહજી હીન્દી વિદ્યાલય દ્વારા આયોજિત રેલી સે-૩૦ જુના આરટીઓ શોપીંગ સન્ટર, કેન્દ્રીય વિદ્યાલય હોસ્ટેલ થઈને ગુરુદ્વારા પહોંચી હતી. ગુરૂદ્વારા સેવા ટ્રસ્ટ દ્વારા રેલીમાં જોડાયેલા વિદ્યાર્થીઓ માટે કોલ્ડ ડ્રીન્કની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સરકારી પ્રાથમિક શાળા સે-૩૦મા હિન્દી દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ માં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી વિદ્યાર્થીઓને હિન્દી રાષ્ટ્રભાષા વિશે અને એના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી ભાષામાં વક્તવ્ય આપવામાં આવ્યા હતા. આ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓને હિન્દી ભાષામાં બોલવા માટેનું જણાવવામાં આવ્યું હતું

## જે.બી. શાળાના બાળકો દ્વારા નેશનલ સાયન્સ ડ્રામામાં ઉત્કૃષ્ઠ દેખાવ




નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.બી.પ્રાથમિક શાળાના આઠ વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક રીસાયકલ થીમ આધારિત કૃતિ રજુ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક કચરાથી થતાં પ્રદુષણને કેવી રીતે અટકાવવું અને તેનાથી વિજળી ઉત્પન્ન કરવી કે રિસાયકલ કરીને પ્રકૃતિને સાચવવી તેની સમજ આપી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક નાટક ભજવ્યું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓની રેલ્વે-સ્ટેશનની મુલાકાત



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાયમરી તથા ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓને ફિલ્ડ ટ્રીપ તરીકે ગાંધીનગરના રેલ્વે-સ્ટેશનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં પાયાનું શિક્ષણ શાળા દ્વારા જ પ્રાપ્ત થાય છે. જેના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રેલ્વે-સ્ટેશન કેવું હોય છે? ટ્રેન કેવી હોય છે? તથા ત્યાંનું વાતાવરણ કેવું હોય છે? તેની રૂબરું મુલાકાત કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષણ ગણે આ ટ્રીપમાં ઉત્સાહભેર ભણ લીધો હતો અને બાળકોમાં રેલ્વેના મહત્વ વિશે સમજૂતી આપી હતી.

### વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખામાં 'વર્લ્ડ ફર્સ્ટ એડ ડે' ઉજવાયો

ગાંધીનગર, તા.૧૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા "વર્લ્ડ ફર્સ્ટ એડ ડે" એટલે કે "વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની સૌ પ્રથમ શરૂઆત 'ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ એન્ડ રેડ ક્રીસેન્ટ સોસાયટીએ ૨૦૦૦ની સાલથી કરી છે. કાર્યક્રમની શરુઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને વક્તાશ્રી ડૉ.નૈનેશભાઈ વસાવાનું આંટીથી સ્વાગત વિદ્યાર્થી પ્રતિનિધિ રોશન ડાકીએ કર્યું હતું. પોતાના વકતવ્યમાં પ્રાથમિક સારવારનું શું મહત્વ છે અને પ્રાથમિક સારવાર કઈ રીતે કરવી અને તેમાં શું ધ્યાન રાખવું તેની વાત કરી હતી.

વિદ્યાશાખાના ડીન નિરજભાઈ શેઠે આ કાર્યક્રમ કરવાની મંજુરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ.પારુલ સાધુ તેમજ ડૉ.કૌશિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું . કાર્યક્રમ ને અંતે આભારવિધિ વિદ્યાર્થી પ્રતિનિધિ શેફાલી ગજ્જરે કરી હતી

## રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ખાતે હીન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

ભારતમાં દર વર્ષે તા.૧૪મી સપ્ટેમ્બર હીન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં હીન્દી ત્રીજા સ્થાને છે. ભારતીય બંધારણના ભાગ-૧૭ અને અનુચ્છેદ-૩૪૩ હેઠળ ભારતની ૨૨ અનુસુચિત ભાષાઓમાંથી દેવનાગરી લીપીમાં લખાયેલી હીન્દી ભાષાને સત્તાવાર ભાષા તરીકે સ્વીકારવામાં આવેલ હતી. રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે તા.૧૪ સપ્ટેમ્બરના રોજ ગ્રંથપાલ ડો.પંકજભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ હીન્દી દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હીન્દી દીવસનું મહત્વ સમજાવી હીન્દી પુસ્તકોનું પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. વાંચકો દ્વારા મોટી સંખ્યામાં હાજર રહી આ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગ્રંથપાલ જી.બી.રાવળ તથા મદદનીશ ગ્રંથપાલ નેહાબેન માછી દ્વારા કરવામાં આવ્યું હતુ અને રાજય મધ્યસ્થ ગ્રંથાલયના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા બહેરા મૂંગા બાળકો સાથે હાસ્ય અને સમયદાન



ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા ચલાવવામાં આવતો કીપ સ્માઈલીંગ પ્રોજેક્ટ દર રવિવારે ગાંધીનગર શહેરની અલગ અલગ સંસ્થાઓમાં યોજે છે જેવી કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ , સ્પેશિયલ બાળકો, વૃદ્ધાશ્રમ, અનાથ આશ્રમ જેવી અનેક જગ્યા પર જઈને ત્યા રહેલાં તક વંચિત બાળકો અને વૃદ્ધો સાથે રમતો રમીને અનેક પ્રવુતી દ્વારા બાળકોના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરાય છે. જે અંતર્ગત સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિર સેક્ટર ૨૮ માં બહેરા-મૂંગા બાળકો સાથે સમય પસાર કરી ખુશી વહેંચવાનું કાર્ય કરાવવામાં આવ્યું હતું જ્યાં બાળકો સાથે રમતો રમી અને બાળકોને જીવનમાં કઈ રીતે મદદરૂપ બનીને યોગ્ય માર્ગદશન આપવામાં આવ્યું હતું. ગ્રુપના દરેક સભ્ય ત્યાંના બાળકો સાથે ગરબા, ચેસ, કેરમ, ક્રિકેટ જેવી રમતો રમી બાળકોને મોજ કરાવી હતી. ગ્રુપની એક સભ્ય વિધિબા રાઠોડ દ્વારા બાળકોને આઈસક્રીમ નું વિતરણ કર્યું હતું. આમ દર રવિવારે ઉત્સવ પટેલ, દીપ બોડા અને કિપ સ્માઈલિંગ ગ્રુપના અન્ય મિત્રો દ્વારા આયોજન કરાયું હતું.

## એસજી અને એસવી પ્રાથમિક શાળામાં હીન્દી દીવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસજી અને એસવી અંગ્રેજી શાળામાં ધો.૧થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૧૪ સપ્ટેમ્બર હીન્દી દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્વ સમજે તે હેતુથી હીન્દી ભાષા ઉપર વકતવ્ય, કવિતા, વાર્તા, સુવાકયો, ભજન, પોસ્ટર જેવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હિન્દી સપ્તાહની ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

આપણા સંસ્કારો અને સંસ્કૃતિનું પ્રતિબિંબ એટલે હિન્દી ભાષા. તો આપણા ભારત દેશની શાન એવી હિન્દી ભાષા સપ્તાહ ઉજવણીના ભાગરૂપે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તારીખ ૧૪ સપ્ટેમ્બર થી ૨૧ મી સપ્ટેમ્બર સુધી હિન્દીમાં જ એસેમ્બલી તથા દરેક કાર્યક્રમ હિન્દી ભાષામાં જ કરવામાં આવનાર છે. બાળકોએ ખૂબ જ સુંદર મજાની નાટ્ય શૈલીમાં હિન્દી ભાષામાં સ્વરની તથા માત્રાની ઓળખ કરાવી હતી. બાળકો દ્વારા હિન્દીમાં જ એસેમ્બલી કરી અને હિન્દીમાં પ્રાર્થના, સુવિચાર, કવિતા, ન્યુઝ રીડિંગ, વાર્તા, સ્લોગન, પ્રતિજ્ઞા વગેરે કરાવવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



ભાવના શુક્લ
લાયોનેસ કલબ



મિત્તલબેન અશોકકુમાર ઠાકોર



રિશી પટેલ
મો. ૯૭૨૫૭ ૦૫૦૮૮



મયુરભાઈ પટેલ
પ્રમુખ, દસગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ



સ્વરા પંકજભાઈ પ્રજાપતિ
મો. ૯૯૭૯૦ ૩૩૩૬૬



આસ્થા રોનકકુમાર શર્મા
મો. ૯૮૨૪૯ ૧૯૧૯૭



પંડ્યા પાર્થ કુંદનભાઈ

## અવસાન નોંધ

શહેરના સે-૩/બી ખાતે રહેતા પ્રવિણભાઈ ટંકારીયાના પિતા સ્વ.ગોપાલજી દેવરાજ ટંકારીયા (નિવૃત્ત પ્રોફેસર, એલડી કોલેજ)નું બેસણું ભુવનેશ્વર મહાદેવ મંદિર, સેકટર-૬/ડી ખાતે સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.યાદવ રામઆશરે મંગી ઉ.વ.૫૭, વાવોલ
- સ્વ.મકવાણા બળદેવજી ગાંડાજી ઉ.વ.૬૮, ઈન્દ્રોડા
- સ્વ.વાઘેલા મુકેશભાઈ બચુભાઈ ઉ.વ.૪૫, પેથાપુર
- સ્વ.રત્નોત્તર જીવણભાઈ ખુશાલભાઈ ઉ.વ.૫૧, સેકટર-૯